એશિયન ગેમ્સ માટે ભારતીયોને ચેક ઈનમાં મુશ્કેલી નડી

ક્રુઝ શિપ કેબિન માટે ભારતીય રોવર્સ અને શૂટીંગ ખેલાડીઓને 12 કલાકથી પણ વધુ સમય રાહ જોવી પડી

વુશુ ખેલાડીઓમાંથી છને રૂમ ફળવાયા, એક ખેલાડી અને બે કોચના નામ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં ગાયબ

ટેબલ ટેનિસ ટીમને પણ સાંજે ક્રુઝ શિપમાં ચેક-ઇન કરતા પહેલા લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું

નાગોયા (જાપાન), તા. 16 : બુધવારે નાગોયામાં ભારતીય ખેલાડીઓને રહેવાની વ્યવસ્થામાં મોટો વિલંબ થયો હતો, જેમાં ટુકડીના કેટલાક સભ્યોએ 2026 એશિયન ગેમ્સમાં ખેલાડીઓને રાખવા માટે ઉપયોગમાં લેવાતા ક્રુઝ શિપ પર કેબિન મેળવવા માટે 12 કલાકથી વધુ સમય રાહ જોઈ હોવાના અહેવાલ છે. ભારતના વુશુ અને ટેબલ ટેનિસ ખેલાડીઓ, કેટલાક બેડમિન્ટન ખેલાડીઓ સાથે, એશિયન ગેમ્સ માટે બુધવારે નાગોયા પહોંચનારા પ્રથમ ભારતીય ખેલાડીઓમાં હતા, જ્યાં ખેલાડીઓ માટે રહેવાની વ્યવસ્થા અને નોંધણી પ્રક્રિયા સંપૂર્ણપણે સરળ નહોતી.

સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે જેમાં ભારતીય ખેલાડીઓ ક્રુઝ શિપ પર કેબિનની ફાળવણી માટે અન્ય લોકો સાથે રાહ જોતા જોઈ શકાય છે. કોસ્ટા સેરેના ક્રુઝ શિપ પર પહોંચ્યા પછી રાહ જોનારાઓમાં ભારતીય

રોવર્સ અને શૂટર્સનો પણ સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે કેટલાક રમતવીરો ઘરેથી લાવેલા ખોરાક પર આધાર રાખતા હતા, જ્યારે આયોજન સમિતિએ રાહ જોતી વખતે તેમને ફક્ત પાણી પૂરું પાડ્યું હતું. સાત ખેલાડીઓ અને બે કોચ ધરાવતી ભારતીય વુશુ ટુકડી બુધવારે બપોરે નાગોયા પહોંચી હતી. નોંધણી દરમિયાન, ફાળવેલ રૂમની યાદીમાંથી એક ખેલાડી અને બે કોચના નામ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. ટીમના એક સભ્યએ સ્થળ પર પહોંચ્યાના લગભગ બે કલાક પછી જણાવ્યું કે નાગોયા બંદર પર ડોક કરાયેલા ક્રુઝ શિપ પર છ વુશુ ખેલાડીઓને રૂમ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ એક ખેલાડી અને બે કોચના નામ ગુમ હતા.

ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ રમતવીરોને ઇટાલિયન ક્રુઝ શિપ પર રૂમ ફાળવવામાં આવ્યા છે. વુશુ અને ટેબલ ટેનિસ ખેલાડીઓ ભારતીય રમતવીરોમાં સામેલ છે જે ગેમ્સ દરમિયાન ક્રુઝ શિપ પર રોકાશે. ગેમ્સ શનિવારથી શરૂ થશે, જ્યારે વુશુ અને ટેબલ ટેનિસ ઇવેન્ટ્સ રવિવારથી શરૂ થશે. આ જ કારણે ભારતીય રમતવીરોને ફાળવવામાં આવેલા રૂમની સંખ્યા કરતા ઓછી હતી. આ વાત સ્વતંત્ર રીતે પુષ્ટિ મળી શકી નથી.

12 કલાક સુધી રાહ જોનાર રોઇંગ ટીમને ખોરાક કરતાં આરામની વધુ જરૂર

30 સભ્યોની રોઇંગ ટુકડીનો ભાગ એવા એક ભારતીય રોવરે માહિતી આપી હતી કે અમે સવારે 9 વાગ્યાની આસપાસ JST પર પહોંચ્યા હતા અને હવે સાંજના 6:30 વાગ્યા છે પરંતુ અમને હજુ સુધી વચન આપેલ રહેઠાણ મળ્યું નથી. અમને અત્યાર સુધી ખાવા માટે કંઈ મળ્યું નથી. અહીંના આયોજન સમિતિના સભ્યોએ ફક્ત પાણી પૂરું પાડ્યું હતું. સોમવાર સાંજથી અમને સારી ઊંઘ નથી આવી કારણ કે અમે પહેલા પુણેના આર્મી રોઇંગ નોડથી દિલ્હી માટે નીકળ્યા અને પછી બીજા દિવસે સવારે જાપાન માટે ફ્લાઇટમાં બેઠા. અમે ખોરાક વિના પણ કામ કરી શકીએ છીએ પરંતુ અમારી સ્પર્ધા 19 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે, તેથી અમારે આરામ કરવાની જરૂર છે,

રહેઠાણની ગુણવત્તા અંગે વિવિધ રમત અધિકારીઓએ ચિંતા દર્શાવી

હોટલ રૂમની અછતને કારણે, કેટલાક ક્રિલિપાઇન્સના અધિકારીઓને એરબીએનબી આવાસમાં ખસેડવામાં આવ્યા હતા. દક્ષિણ કોરિયાની ટીમે કન્ટેનર જેવા રૂમના નાના કદ સામે વાંધો ઉઠાવ્યો છે. કોરિયા બાસ્કેટબોલ એસોસિએશનના ઉપપ્રમુખ જંગ જે-ચોંગે કહ્યું હતું કે ખેલાડીઓ માટે બેડ ખૂબ નાના હતા. એશિયન ક્રિકેટ કાઉન્સિલના કેટલાક સભ્યોએ પણ પૂરી પાડવામાં આવી રહેલી રહેઠાણની ગુણવત્તા અંગે ચિંતા વ્યક્ત કરી છે. નાગોયા બંદર પર ડોક કરાયેલા લક્ઝરી ક્રુઝ લાઇનર કોસ્ટા સેરેના પર આશરે 4,000 થી 5,000 ખેલાડીઓને રાખવામાં આવશે, જ્યારે નાગોયા ખાડીમાં ગાર્ડન પિયર ખાતે રૂપાંતરિત શિપિંગ કન્ટેનરમાં આશરે 2,000 ખેલાડીઓ રહેશે.

આજે ત્રીજી ટી-20 : વૈભવને રમાડાશે કે બેન્ચ પર જ બેસાડી રખાશે?

જાપાન રવાના થતાં પહેલા બેન્ચ સ્ટ્રેન્થ ચકાસવા અચ્યરના નિવેદનથી પ્લેઇંગ ઇલેવનમાં ફેરફારની સંભાવના

7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ ફેનકોડ એપ પર

નવી દિલ્હી, તા. 16 : અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝમાં 2-0ની અજેય સરસાઇ ધરાવતું ભારત પરિણામની દ્રષ્ટિએ ઔપચારિક ત્રીજી ટી-20માં પોતાની નિયમિત પ્લેઇંગ ઇલેવનમાં ફેરફાર કરીને અદ્ભૂત પ્રતિભા ધરાવતા વૈભવ સૂર્યવંશી અને બેન્ચ પરના અન્ય ખેલાડીઓને રમાડવાનું વિચારી શકે છે. ઘરઆંગણાની જાણીતી સ્થિતિમાં રમી રહેલી ભારતીય ટીમે અત્યાર સુધી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને ખતરનાક ગણાતી અફઘાન ટીમ સામે દબદબો બનાવી રાખ્યો છે. મંગળવારે રાત્રે સીરિઝમાં અજેય સરસાઇ મેળવ્યા પછી, ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે જણાવ્યું હતું કે 19 સપ્ટેમ્બરથી શરૂ થનારી એશિયન ગેમ્સ માટે જાપાન રવાના થતાં પહેલાં બેન્ચ પર બેઠેલા ખેલાડીઓને મેદાન પર રમવાનો જરૂરી સમય આપવા માટે ફિરોઝશાહ કોટલા ખાતેની આ આખરી મેચમાં ટીમ કોમ્બિનેશનમાં ફેરફાર થઈ શકે છે. અત્યાર સુધીની પસંદગી પરથી એ સ્પષ્ટ થાય છે કે ટીમ મેનેજમેન્ટ સૂર્યવંશી માટે ખાસ અલગથી જગ્યા બનાવવા માંગતું નહોતું. હવે સેમસન અને અભિષેક શર્મા બંને શાનદાર ફોર્મમાં છે અને તેઓ માત્ર એક જ ફોર્મેટના નિયમિત ખેલાડીઓ હોવાથી આરામ કરવા માંગશે નહીં.

વેસ્ટઇન્ડિઝ સામેની ઘરઆંગણેની વન ડે સીરિઝ માટે ટીમ જાહેર

નમન ધીર, આકિબ નબીને પ્રથમ વખત તક, હાર્દિક-પંતની બાદબાકી

નિતિશ રેડ્ડીને એશિયન ગેમ્સમાંથી રિલિઝ કરી વિન્ડીઝ સામેની ટીમમાં સમાવાયો, જાડેજાની વન ડે ટીમમા વાપસી

ટી-20 ટીમ જાળવી રાખી માત્ર યશ ઠાકુર અને વિપરાજ નિગમને સ્થાને મયંક યાદવ અને પ્રિન્સ યાદવનો સમાવેશ

નવી દિલ્હી, તા. 16 (PTI): વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી સીરિઝ માટે પંજાબના ઓલરાઉન્ડર નમન ધીર અને જમ્મુ-કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબીને ભારતની વન-ડે ટીમમાં પ્રથમ વખત સ્થાન મળ્યું છે. બીજી તરફ, અનુભવી ખેલાડીઓ હાર્દિક પંડ્યા અને ઋષભ પંતની અલગ-અલગ કારણોસર બાદબાકી કરવામાં આવી છે.

ભારત ૨૭ સપ્ટેમ્બરથી તિરુવનંતપુરમ ખાતે શરૂ થનારી સીરિઝમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ વન-ડે અને પાંચ ટી-20 મેચ રમશે. ટી-20 ટીમમાં મોટે ભાગે એશિયન ગેમ્સની ટીમ રહેશે, જેમાં યશ ઠાકુર અને વિપરાજ નિગમના સ્થાને મયંક યાદવ અને પ્રિન્સ યાદવનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાર્દિક પંડ્યા ૨૦ સપ્ટેમ્બરે ફિટ જાહેર થાય તેવી શક્યતા છે, પરંતુ જો તે ઈન્ડિયા-એ માટે ૧૦ ઓવર બોલિંગ કરવાની પોતાની ક્ષમતા સાબિત નહીં કરે, તો પસંદગી સમિતિ તેની પસંદગી કરશે નહીં. નિતિશ કુમાર રેડ્ડીને એશિયન ગેમ્સની ટીમમાંથી મુક્ત કરીને વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે ટીમમાં સામેલ કર્યો છે. આ સિવાય અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાની પણ વન-ડે ટીમમાં વાપસી થઈ છે. નમન ધીરને ઘરેલુ ક્રિકેટ અને આઈપીએલમાં તેના શ્રેષ્ઠ પ્રદર્શન બાદ સ્થાન મળ્યું છે. જ્યારે આકિબ નબીને ઈંગ્લિશ કાઉન્ટી ક્રિકેટમાં પ્રદર્શન બાદ ભારતીય ટીમમાં પ્રથમ વખત સ્થાન મળ્યું છે.

ભારતની વન-ડે ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, કે.એલ. રાહુલ (વાઇસ કેપ્ટન), ધ્રુવ જુરેલ, નિતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, મહંમદ સિરાજ, આકિબ નબી, યશસ્વી જયસ્વાલ, નમન ધીર.

ભારતની ટી-20 ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા (વાઇસ કેપ્ટન), શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, નિતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, મયંક યાદવ.

WPL 2027 14 જાન્યુઆરીથી 7 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે

WPL 2027નું ઓક્શન 28 ઓક્ટોબરે કોચીમાં યોજાશે, ખેલાડીઓ રિટેન કરવાની સમયમર્યાદા 28 સપ્ટેમ્બર નિર્ધારિત

BCCIએ હજુ યજમાન શહેરોના નામ જાહેર નથી કર્યા પણ એક સ્થળ મુંબઇ હશે એ નક્કી, બીજું વડોદરા અથવા વારાણસી હોઇ શકે

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ બુધવારે જણાવ્યું હતું કે મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ) ની પાંચમી સીઝન ૧૪ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન રમાશે અને ખેલાડીઓની હરાજી ૨૮ ઓક્ટોબરે કોચીમાં યોજાશે. ડબલ્યુપીએલ 2027ની હરાજી 28 જાન્યુઆરીથી કોચીમાં યોજાવાની છે જોકે, બીસીસીઆઈએ હજુ સુધી ડબલ્યુપીએલના આયોજન માટે યજમાન શહેરોના નામ જાહેર કર્યા નથી.

આ હરાજી ગ્રાન્ડ હયાત કોચી ખાતે યોજાવાની છે, જ્યાં પાંચ ફ્રેન્ચાઈઝી આગામી આવૃત્તિ પહેલા તેમની ટીમોને પૂર્ણ કરવા અને મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે. આગામી સીઝન માટે ખેલાડીઓને જાળવી રાખવાની અંતિમ તારીખ 28 સપ્ટેમ્બર છે. યજમાન શહેરો સંબંધે બીસીસીઆઈના એક સૂત્રના જણાવ્યા અનુસાર, મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમને ડબલ્યુપીએલ 2027 માટેના સ્થળોમાંથી એક તરીકે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યું છે. હવે બીજું શહેર વડોદરા હશે કે વારાણસી તે નક્કી કરવાનું કામ ચાલી રહ્યું છે.

પેરા શૂટિંગમાં મિલી, મોના, અવનીએ ટીમ ગોલ્ડ જીત્યો

નવી દિલ્હી, તા. 16 : દક્ષિણ કોરિયામાં ચાંગવોન 2026 WSPS પેરા શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મિલી શાહ, મોના અગ્રવાલ અને અવની લેખરાએ મહિલાઓની 10 મીટર એર રાઇફલ R2 ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. મહિલા ટીમ કુલ 1878.6 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને રહી. મોનાએ વ્યક્તિગત કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો, જ્યારે અવનીએ બ્રોન્ઝ મેડલ જીત્યો.

બ્રુકની સદીથી પ્રથમ ટી-20માં ઈંગ્લેન્ડે શ્રીલંકાને હરાવ્યું

સાઉથેમ્પટન, તા. 16 : કેપ્ટન હેરી બ્રુકે માત્ર 49 બોલમાં 10 ચોગ્ગા અને 6 છગ્ગાની મદદથી નોટઆઉટ 114 રન ફટકારીને ત્રણ ટી-20 ઇન્ટરનેશનલની સીરિઝની પ્રથમ મેચમાં શ્રીલંકા સામે ઈંગ્લેન્ડે 119 રનથી જીત મેળવી હતી. ઈંગ્લેન્ડે 4 વિકેટે 254 રનનો સ્કોર ખડક્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી ઓપનર જોસ બટલરે પણ 44 બોલમાં 80 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

ઘાયલ વરુણ ચક્રવર્તી એશિયન ગેમ્સમાંથી બહાર, તેનું સ્થાન વિપરાજ નિગમ લેશે

નવી દિલ્હી, તા. 16 : મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી સાઈડ સ્ટ્રેનને કારણે એશિયન ગેમ્સમાંથી બહાર થઈ જતા તેના સ્થાને લેગ સ્પિન ઓલરાઉન્ડર વિપરાજ નિગમને ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. એશિયન ગેમ્સ 19 સપ્ટેમ્બરથી જાપાનના આઈચી-નાગોયામાં શરૂ થશે.

બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે વરુણ અનિશ્ચિત સમય માટે ટીમની બહાર છે. અમારી પાસે વિપરાજ નિગમ અને કુલદીપ યાદવ એમ બે વિકલ્પો હતા. કુલદીપ આ મહિનાના અંતમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની વન ડે સીરિઝ રમશે, તેથી વિપરાજનું નામ પસંદ થયું છે. વરુણ અફઘાનિસ્તાન સામે ચાલી રહેલી ટી-20 સીરિઝની પહેલી મેચ દરમિયાન ઘાયલ થયો હતો. તેને સંપૂર્ણ ફિટનેસ મેળવવામાં થોડો સમય લાગવાની શક્યતા છે. આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સનું પ્રતિનિધિત્વ કરનાર 22 વર્ષીય નિગમે અત્યાર સુધીમાં લીગમાં 19 મેચ રમી છે અને 13 વિકેટ લીધી છે.

ભારતમાં ACT હોકી ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન ટીમ નહીં મોકલે

પાકિસ્તાન દ્વારા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી મેચ માટે તટસ્થ સ્થળની વિનંતી કરાઇ

AHFના ઉપ પ્રમુખ અને હોકી ઇન્ડિયાના મહામંત્રી ભોલા નાથે પાકિસ્તાનની વિનંતી નકારી

લાહોર, તા. 16 (પીટીઆઇ) : ભારત સાથે સંવેદનશીલ દ્વિપક્ષીય પરિસ્થિતિનો હવાલો આપતા, પાકિસ્તાને બુધવારે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (એસીટી) માટે તેની પુરુષ રાષ્ટ્રીય હોકી ટીમને યજમાન દેશમાં મોકલવાનો ઇનકાર કર્યો હતો અને એશિયન હોકી ફેડરેશન (એએચએફ)ને ટુર્નામેન્ટનો આંશિક અથવા સંપૂર્ણ ભાગ તટસ્થ સ્થળે ખસેડવા વિનંતી કરી હતી.

પાકિસ્તાન હોકી ફેડરેશન (પીએચએફ)એ કહ્યું કે તે પુરુષોની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનની સરળ અને સંપૂર્ણ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે તટસ્થ સ્થળ ઇચ્છે છે. પીએચએફના કાર્યકારી પ્રમુખ મોહિઉદ્દીન અહેમદ વાનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમણે સમગ્ર ટુર્નામેન્ટ અથવા પાકિસ્તાનની બધી મેચોને તટસ્થ સ્થળે ખસેડવાની વિનંતી કરી છે. આ તરફ એશિયન હોકી ફેડરેશન (એએચએફ)ના ઉપપ્રમુખ અને ભારતીય હોકી ફેડરેશનના મહામંત્રી ભોલા નાથે સ્થળ બદલવાની પાકિસ્તાનની વિનંતી નકારી કાઢી છે.

મેસી આર્જેન્ટિના વતી 6 ઓક્ટોબરે વિદાય મેચ રમશે

બ્યુનસ આયર્સ, તા. 16 (એપી) : લિયોનલ મેસી આર્જેન્ટિના માટે અંતિમ મેચ રમી શકે છે. ઇન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હોવા છતાં, ઇન્ટર મિયામીના 39 વર્ષીય સ્ટાર ખેલાડીનો મંગળવારે ઘરેલુ મેદાન પર રમાનારી ત્રણ ફ્રેન્ડલી મેચો માટે લિયોનલ સ્કાલોનીની 28 સભ્યોની આર્જેન્ટિનાની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. મેસીએ ટીમમાં જોડાવા અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશનના વડાએ જણાવ્યું હતું કે આ દિગ્ગજ ખેલાડીએ બેનિન સામે 6 ઓક્ટોબરે

સુડોકુ 'કૂટિ'

	૮	૨			૭			
૧		૬			૨	૮		
૩				૮	૫		૨	૯
			૭		૧			૫
					૬	૧	૮	૪
૪							૯	૭
		૭		૨	૯	૪	૧	
૨	૪		૮			૭		
	૧	૮	૫					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૩	૨	૭	૫	૭	૮	૬
૬	૫	૭	૬	૮	૩	૨	૧	૨
૭	૮	૨	૩	૨	૬	૬	૩	૫
૭	૩	૬	૭	૫	૨	૭	૬	૮
૨	૭	૮	૬	૬	૧	૩	૬	૨
૫	૨	૬	૩	૬	૭	૬	૩	૧
૩	૨	૬	૫	૭	૮	૭	૧	૬
૬	૭	૭	૨	૩	૨	૬	૫	૮
૮	૨	૫	૭	૬	૬	૩	૨	૭

૦૬૬૬-૭૬૬૭ ક્રૈડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેશાબ અટકે

ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ આધુનિક સારવાર પદ્ધતિ પૂરી રીતે પહોંચી નથી. પેશાબ અટકી જાય ત્યારે તપખીર, છીંકણી પાણીમાં ભેળવી તેનો લેપ પેડુ પર કરાતો. બે ચમચી અજમો ચાવીને ખાઈ લો.

IPL 2027નું ઓક્શન ભારતમાં થશે : ધુમલ

છેલ્લી ત્રણ સિઝનથી વિદેશમાં થતા આઇપીએલ ઓક્શનની હવે સ્વદેશમાં વાપસી

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : છેલ્લી ત્રણ સિઝન વિદેશમાં યોજ્યા બાદ, આઈપીએલ 2027 સીઝન માટે ખેલાડીઓની હરાજી ભારતમાં યોજાશે, એમ આઈપીએલના ચેરમેન અરુણ ધુમલે જણાવ્યું હતું. છેલ્લી ત્રણ સિઝનનું ઓક્શન દુબઈ, જેદ્દાહ અને અબુ ધાબીમાં યોજાયું હતું.

ધુમલે જણાવ્યું કે દર વર્ષે અમે તેને ભારતમાં રાખવાનો પ્રયાસ કરીએ છીએ, પરંતુ લગ્નની મોસમને કારણે અમને સ્થળ મળતું નથી. આ વખતે અમે તેને ભારતમાં યોજીશું કારણ કે તે એક નાની હરાજી હશે અને અમારી પાસે એક સ્થળ હશે. 18 સપ્ટેમ્બરે યોજાનારી બીસીસીઆઈની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ધુમલને આઈપીએલના ચેરમેન તરીકે ફરીથી ચૂંટવામાં આવશે. હરાજી ક્યાં થશે તે બીસીસીઆઈના પસંદગીના શહેરોમાં ઉપલબ્ધતા પર આધાર રાખે છે.

તાજેતરમાં યોજાયેલી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં વિવાદાસ્પદ ઇમ્પેક્ટ પ્લેયર નિયમ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

ચેસ ઓલિમ્પિયાડ : ભારતીય પુરુષ ટીમે થાઈલેન્ડને, મહિલા ટીમે ડોમિનિકાને હરાવ્યું

સમરકંદ, તા. 16 (પીટીઆઈ) : વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશ, નિહાલ સરીન અને વિદિત ગુજરાથીએ ભારતીય પુરુષ ટીમને 46મા વર્લ્ડ ચેસ ઓલિમ્પિયાડમાં થાઈલેન્ડ સામે 3-1થી જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરવા માટે શક્તિ આપી. ભારત પાસે ક્લીન સ્વીપ પૂર્ણ કરવાની તક હતી પરંતુ અર્જુન એરિગાઈસીની છેલ્લી ઘડીની ભૂલને કારણે તેણે તક ગુમાવી દીધી. ભારતીય મહિલા ટીમે પણ ડોમિનિકન રિપબ્લિકને 4-0થી હરાવીને સ્પર્ધામાં શાનદાર શરૂઆત કરી હતી.

આજનું પંચાંગ

તા. 17/09/2026, ગુરૂવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: સુદ છઠ:10.48 સૂર્યષ્ઠી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવા : 26
યોગ : વિષ્કુંભ **કરણ:** ગર
નક્ષત્ર : અનુરાધા: 19:54 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
રાશિ: વૃશ્ચિક (ન.ચ.)
દિવસ : રામાન્ય- બળરામ જયંતી-ગૌરી આવાહન, સૂર્ય કન્યામાં 7:54
સુરતમાં સૂર્યોદય : 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:39
નવકારસી : 07:15
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 04જો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 05મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઉઘરાણી આવી શકે છે. વીમાના કામ પાર પડે. સરકારી કામમાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ,): ભાગીદારીનો કામ થાય. ઉમરલાયકના વિવાહ થાય. સામાજિક કામમાં યસ મળે.

મિથુન (ક,છ,ઘ,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. સરકારી કામમાં ધીરજ રાખવી. માતા સાથે વિવાદ થાય.

કર્ક (ડ,હ,): શેરબજારમાં લાભ થાય. પ્રેમમાં સાથ મળે. સંતાનોના કામ થાય. આવક વધારવાની તક મળે.

સિંહ (મ,ટ,): નવા વાહન અને મકાનની યોજનામાં મિત્રો વડીલોના સાથ મળે. ધંધામાં નવી તક ઊભી થાય.

કન્યા (પ,ઠ,ણ,): વિદ્યાભ્યાસ કે પરીક્ષા અને ઇન્ટરવ્યુના કામમાં સફળતા મળે. મિત્રો સાથે મનોરંજન થાય.

તુલા (ર,ત,): વાણી અને વહીવટી કૂશળતાથી નવી તક મળે. ઉઘરાણી આવે. મનોરંજનના ખર્ચા વધે.

વૃશ્ચિક (ન,ય,): ઉત્સાહજનક સમાચાર મળે. સમાજજીવનમાં જવાબદારી વધે. નોકરીમાં નવી તક ઊભી થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): સામાજિક પ્રવૃત્તિથી યશ મળે. સમાજ જીવનમાં જવાબદારી વધે. નોકરીમાં નવી તક ઊભી થાય.

મકર (ખ,જ,): જીવનસાથી, સંતાનો સાથે મનોરંજન થાય. ખર્ચા વધે. હરીફોથી હેરાનગતિ વધે.

કુંભ (ગ,સ,શ,ષ,): વડીલોની મદદથી સામાજિક કામ થાય. નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધે.

મીન (દ,ચ,ઝ,થ,): આયાત-નિકાસ ઉચ્ચ શિક્ષણ, લેખન, કાયદા કાનૂનને લગતા કામ પાર પડે.

કોઈ પણ સાલમાં 17 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષવાળુ પસાર થશે. નવા ધંધા વેપાર-વ્યવસાયમાં હરીફો સતાવે. નોકરીમાં સ્થાનફેરથી બોજ વધે. સમાજમાં સામાન્ય રહે. ઉઘરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોના અભ્યાસ અને કેરીયરમાં વડીલો-મિત્રો મદદરૂપ બનશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ જમીન જેવા કામ ધીમા પડે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને તક મળે. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. પ્રેમ-વિવાહમાં ધીરજ રાખવી. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં સફળ બને. ટેકનોલોજીની મદદથી નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમા અવરોધ આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરી શુક્ર, શનિવાર 8,17,26 તારીખે નવા કામ કરવા. માર્ચ-એપ્રિલ બુધવાર 7,16,25 તારીખે નવા કામ ટાળવો. કાળા રંગનો ઉપયોગ કરવો. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો.